હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

વારે ઘડીએ પુછવા ન આવો... સરકારને બહુ બધા કામ છે... લખો લગ્નમાં પચ્યાસની છુટ, ઉતરાયણમાં પચ્યાસની અને હોળીમાં પણ....!!

ઠંડીમાં નજીવી રાહત : લઘુત્તમ તાપમાન ૧૧.૫ ડિ.સે.

ગાંધીનગરના વાતાવરણમાં પુનઃ ફેરફાર આવ્યો છે. વાદળછાયુ વાતાવરણ દૂર થયા બાદ બે દિવસ અગાઉ ઠંડી વધી હતી. આજે તેમાં નજીવી રાહત મળી છે. એક દિવસમાં લઘુત્તમ તાપમાન અઢી ડિ.સે. જેટલુ ઉંચકાયુ છે. જાન્યુઆરી માસના પ્રારંભે ઠંડીનો કહેર જારી રહ્યો છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વારંવાર ફેરફાર પણ આવી રહ્યો છે. ડિસેમ્બર માસના અંતિમ સપ્તાહમાં હાડ થીજવતી ઠંડીનો સામનો કર્યા બાદ ઠંડીમાં થોડીક રાહત મળી છે. વાદળછાયા વાતાવરણના કારણે ઠંડી થોડીક ઘટી હતી. છેલ્લા બે દિવસથી પવન બંધ રહેતા હાલમાં ઠંડીમાં રાહત અનુભવાઈ રહી છે. ક્યારેક હાડ થીજવતી ઠંડી તો ક્યારેક ઠંડીમાં ખૂબ રાહત એવી અનુભુતિ સતત છેલ્લા કેટલાક દિવસથી થઈ રહી છે. પવનની દિશા જરાક બદલાય તો ઠંડીમાં વધારો-ઘટાડો થતો રહે છે. જો કે હજુ આકાશમાં વાદળોની અવરજવર છે. વાદળો વીખેરાય પછી ઠંડી વધી શકે છે.

વર્ષની શરૂઆતથી જ શહેરમાં લીલા શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે ત્યારે શહેરની ગૃહિણીઓની ભીડ ગાંધીનગરના શાકમાર્કેટમાં જોવા મળી રહી છે.

ખૂણેખાંચરેથી

- માણસા તાલુકાના દેલવાડા ગામેથી આજે વધુ એક બોગસ ડૉક્ટર આરોગ્યતંત્રની ટીમના દરોડામાં ઝડપાયા છે. આ બોગસ ડૉક્ટર સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.
- કોરોના વેક્સીનેશન અંગે આજે તમામ કેન્દ્રોના આરોગ્યના કર્મયોગીઓને ઓનલાઈન તાલિમ આપવામાં આવી હતી.
- પૂર્વ ટી.ડી.ઓ. અને જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીમાં ફરજ બજાવી ચુકેલા મહેન્દ્રભાઈ એમ. પટેલનું આજે અવસાન થયુ છે.
- સે. ૨૧માં રહેતા એવોર્ડી નિવૃત્ત આચાર્ય મંગળભાઈ પારેખનું પણ દુઃખદ અવસાન થયુ છે.
- રાજ્યના વિકાસ કમિશનર આજે રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી વિવિધ યોજનાઓની સમીક્ષા કરનાર છે.
- ફાયર પોલીસી સંદર્ભે આજે રાજ્યના શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ મનપાના તંત્ર સાથે બેઠક યોજી સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- સ્વચ્છતા સર્વેક્ષણ અંગે લોકોની ભાગીદારી વધે તે માટે આજે નાયબ મ્યુનિ. કમિશનરે ખાસ બેઠક યોજી હતી અને લોકોને પણ મોબાઈલ એપ ડાઉનલોડ વધુમાં વધુ કરે તે માટે અપીલ કરી હતી.
- ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડા, મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ સહિત ૧૦ મહેમાનોને કમલમ્ ખાતે સોમવારે સાંજે રોટલો, શાક, કઢી-ખીચડી અને સુખડી પિરસાઈ હતી. જે ગાંધીનગરના મેયરના ઘરેથી બનાવીને મોકલાવાયું હતું.

યુવા કેદીને જેલમાં સર્જનાત્મક પ્રવૃત્તીમાં લગાવો : હાઈકોર્ટ

પાસાના કાયદા હેઠળના અટકાયતી આદેશને રદ કરવાની અને યુવાન વયના આરોપીને મુક્ત કરવાની દાદ માગતી અરજીમાં હસ્તક્ષેપ કરવાનો હાઈકોર્ટે ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે આરોપી માથાભારે છે અને તે અકારણે જ સમાજ અને તેમાં રહેતા નાગરિકોને હેરાન કરી છે ભયભીત કરે છે તેથી ઓથોરિટીને તેની સામે પાસા હેઠળ કરેલી કાર્યવાહીમાં કોર્ટ હસ્તક્ષેપ કરવાનું ઉચિત ગણતી નથી. પરંતુ તેની સાથે સાથે અરજદાર આરોપીની અત્યંત યુવાવસ્થાને ધ્યાનમાં રાખતાં ઓથોરિટીને આદેશ કરે છે કે તેને જેલની અંદર સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં લગવાવામાં આવે. જેથી એ જ્યારે જેલમાંથી બહાર આવે તો પોતાનું ભવિષ્ય સુધારી શકે. આ પ્રકારનો આદેશ કરી અરજદારની રિટ હાઈકોર્ટે ફગાવી કાઢી હતી. આ કેસમાં આરોપી વિરૂદ્ધ બાપુનગર પોલીસ સ્ટેશનમાં બે જુદીજુદી ફરિયાદો નોંધાઇ હતી.

જમીન મુદ્દે પતિ-પત્નિ પર તલવાર વડે હુમલો

ગાંધીનગર, તા.૪

કોલવડા ગામમાં જમીન મુદ્દે પતિ-પત્નિ પર તલવાર વડે હુમલો કરવામાં આવતા ગામમાં હાહાકાર મચી ગયો છે. જમીનના કબ્જા અંગે બાજુમાં રહેતા અનિલસિંહ રજુજી વાઘેલાએ ગડદા-પાટુનો માર મારી તલવાર વડે હુમલો કરતા દશરથસિંહને ગળાના અને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જયારે દશરથસિંહના પત્નીને પણ આંગળી પર તલવાર વાગી હતી. ગામમાં ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા. જયારે અનિલસિંહે જતા જતા આજે તો તને પતાવાનો જ હતો પણ બચી ગયો છે હવે મળીશ તો જાનથી મારી નાંખીશ તેમ કહ્યું હતું. સમગ્ર બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વિગત મુજબ કોલવડા ગામે વીસઘર વાસની પાછળના ભાગે રહેતા દશરથસિંહ નટવરસિંહ વાઘેલાની ગામમાં પોણા વીઘા જમીન આવેલી છે. જેમાં તેમના પિતાનું નામ ચાલી રહ્યું છે. જમીનના કબ્જા અંગે દશરથસિંહને પાસમાં રહેતા અનિલસિંહ રજુજી વાઘેલા સાથે મનદુખ છે. ૬ માસ પહેલા અનિલસિંહે ગાંધીનગર મામલતદાર કચેરી ખાતે દશરથસિંહના પિતાનું નામ કમી કરાવવા માટે અરજી આપી હતી. આ કેસમાં આખરી હુમક બાકી છે. ત્યારે રવિવારના રોજ ૨ વાગ્યાના સુમારે દશરથસિંહ ઘરે હાજર હતા. તે સમયે અનિલસિંહ હાથમાં તલવાર લઈને ગાળો બોલી સીધા ગડદા પાટુનો માર મારી તલવારથી હુમલો કર્યો હતો. જેમાં દશરથસિંહને ગળાના ભાગે તેમજ માથાના ભાગે તલવાર વાગી હતી. દશરથસિંહના પત્ની પણ વચ્ચે પડતા તેમને પણ હાથમાં આંગળીના ભાગે ઈજા પહોંચી હતી. ઝઘડાને પગલે હોહા થતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. દશરથસિંહને ગળાના ભાગે તેમજ તેમના પત્નિને હાથના ભાગે ઈજા થઈ હતી. ત્યારે સમગ્ર બનાવ અંગે દશરથસિંહ વાઘેલાએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સે. ૨૩ સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે જિલ્લાનું સંત સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સે. ૨૩ સ્થિત સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તથા શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નીધિ સમર્પણ સમિતિના ઉપક્રમે જિલ્લાના સંતોનું સંમેલન મળ્યુ હતુ.

નગરના ગ્રામદેવતા પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ પ.પૂ. ફુલશંકર શાસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સંત સંમેલનમાં જિલ્લાભરના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનમાં કેન્દ્રીય માર્ગદર્શન મંડળના સભ્ય અને ઈડરના સંત પ.પૂ. જ્ઞાનાનંદ સરસ્વતીજી, ગુરૂકુલના પ.પૂ. રામસ્વામીજી, સે. ૨ સ્વામીનારાયણ મંદિરના મહંત પ.પૂ. પી.પી. સ્વામીજી, કલોલ સત્યનારાયણ મંદિરના પ.પૂ. રામ મનોહરદાસજી, વાવોલ રામજી મંદિરના મહંત પ.પૂ. મધુસુદનદાસજી, માણસાના પ્રેમદાસજી, નિર્મલદાસજી સહિતના સંતો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત એકમના અધ્યક્ષ દિલીપભાઈ ત્રિવેદી દ્વારા રામ જન્મભૂમિ મંદિર નિર્માણ આંદોલનની ભૂમિકા આપી હતી.

આ કાર્યક્રમમાં ઉ.ગુ. પ્રભાગના સહમંત્રી કીર્તિભાઈ મહેતા, સામાજિક સમરસતા પ્રભાગના સહ પ્રમુખ પ્રવિણભાઈ ભટ્ટ, જિલ્લા સંઘ ચાલક હર્ષદભાઈ પટેલ, વિભાગ મંત્રી મુકેશભાઈ, જિલ્લા મંત્રી નવિનભાઈ સહિત અનેકવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ફાયરિંગ વિથ લૂંટના બે કેસમાં એક જ ગેંગ હોવાની આશંકા

અમદાવાદ,તા.૪

અમદાવાદ શહેરમાં થયેલી ફાયરિંગ અને લૂંટની બે ઘટના બાદ હવે પોલીસ તપાસમાં તો લાગી પણ તપાસ દરમિયાન એ સામે આવ્યું કે આ બંને લૂંટ એક જ ગેંગના લોકોએ કરી હોઈ શકે છે. લૂંટ કરનાર શખસોએ લૂંટને અંજામ આપી બાઇક બિનવારસી મૂકી દેતા પોલીસે શંકાસ્પદ બાઇક કબ્જે પણ કરી હોવાનું પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે. શહેર પોલીસ માટે નવું વર્ષ પડકાર જનક બની રહ્યું છે. તેમાય પોલીસની નિષ્ક્રિયતા એટલે કહી શકાય કેમકે આટલી બધી ગંભીર ઘટનાઓ અમદાવાદમાં એકાએક બની છે, એ પણ નવા વર્ષમાં જ્યારે પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે હવે કૃષ્ણનગર અને નિકોલમાં થયેલી લૂંટ મામલે સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની એજન્સીઓ કામે લાગી છે.પણ હજુ કોઈ મહત્વની કડીઓ હાથ નથી લાગી. તો બીજીતરફ આ ફાયરિંગ વિથ લૂંટ પાછળ જે કડીઓ પોલીસના હાથ લાગી છે તે જોતા અન્ય રાજયની ગેંગ હોવાનું પોલીસ માની રહી છે. બીજીતરફ પોલીસે શંકાસ્પદ બાઇકો પણ કબ્જે કર્યા છે. સીસીટીવી આધારે આ બાઇક કબ્જે કરાયા છે. તો આ બને ઘટનામાં એક જ ગેંગ હોવાનું પણ પોલીસ માની રહી હોવાનું સેકટર ૨ જેસીપી ગૌતમ પરમાર એ જણાવ્યું છે. ત્યારે નિકોલમાં થયેલી લૂંટ બાદ અહીંના સ્થાનિક લોકો મૌખિક ફરિયાદ કરી રહ્યા છે કે તે વિસ્તારમાં ગુનાખોરી વધી છે. મોબાઈલ સ્નેચિંગ, રોકડ ચોરી સહિતના બનાવો પણ તાજેતરમાં બન્યા હતા. ત્યારે આ ઘટનાઓ પરથી શહેર પોલીસની કામગીરી પર સવાલ ઉભા થઈ રહ્યા છે.

સાદરા ડબીપુરા પાસેથી ૪ જુગારી ઝડપાયા : પાંચ જુગારી ફરાર

ગાંધીનગર નજીક આવેલા સાદરા ડબીપુરા જુની પાણની ટાંકી પાસે જુગાર રમતા જુગારીઓને ચિલોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસની રેઈડને પગલે જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જેમાં ચાર જુગારી પોલીસના હાથે પકડાઈ ગયા હતા અને પાંચ જુગારીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૫,૦૪૦ નો મુદ્દામાલ પકડી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મુજબ ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં જવાનો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન ફરતા ફરતા સાદરા ગામે આવતા પોલીસને ખાનગી રાહે બામતી મળી હતી કે ડબીપુરા જુની પાણીની ટાંકી પાસે ખુલ્લા જગ્યામાં લાઈટના અજવાળે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડીને જક્ષણીમાતા મંદિર માર્ગ પર સાદરા ગામના સુહાગ મહેશભાઈ દરજી, ડબીપુરા સાદરા ગામ પાંણીની ટાંકી પાસે નરેશ રઘુભાઈ વાઘેલા , સંજય ભીખાભાઈ ચૌધરી (ટાવર ચોક પોલીસ ચોકીની સામે), અસ્પાકખાન બાબુમીયા પઠાણ (ડબીપુરા સાદરા), પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જયારે પોલીસને થાપ આપીને પોપટજી ફતાજી ઠાકોર (ડબીપુરા ગામ સાદરા), લાલાજી ઉદાજી ઠાકોર (ડબીપુરા ગામ સાદરા), સાદરા ખાતે ભાગોરકવાસ ખાતે રહેતા ગાભાજી અમથાજી ઠાકોર, કાલીશ રાજુભાઈ વાઘેલા અને ઓમકાર રાજુભાઈ સરદારજી (રહે.ડબીપુરા સામ સાદરા)ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસને દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડ રૂ.૫,૦૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધામ હેઠળ ગુનો નોંધી ફરાર જુગારીઓને પકડવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોલવડા આંબલીવાળા ગોગા મહારાજ પરિવાર દ્વારા ધાબળા વિતરણ

કોલવડા આંબલીવાળા ગોગા મહારાજ પરિવાર દ્વારા ગાંધીનગરમાં જરૂરીયાતમંદ ગરીબોને શાલ અને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરના સેકટર- ઘ-૨, ઘ-૩, સેકટર-૨૧, કુડાસણ વિસ્તાર, ઘ-૬ તેમજ ટાટા ચોકડી વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારોને આંબલીવાળા ગોગા મહારાજ પરિવાર દ્વારા ૮૦૦ થી વધુ ધાબળાનું વિતરણ કરાયું હતું. કડકડતી ઠંડીમાં શરીરને રક્ષણ માટે ધાબળારૂપી કવચ મળતા શ્રમિકોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી હતી. ધાબળા વિતરણ પ્રસંગે ભુવાજી ઈશ્વરભાઈ દેસાઈ અને તેમના સેવકગણના સભ્યો હાજર રહ્યા હતા.

શહેરના ઘ-૫ વિસ્તારમાંથી મોબાઈલ ચોર ઝડપાયો

ચોરીના ૪ ફોન સાથે યુવકને સે-૨૧ પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના ઘ-૫ થી ચ-૫ સર્કલ જવાના માર્ગ પર એસબીઆઈ બેંકની સામેથી મોબાઈલ ચોરને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ચોરીના ચાર મોબાઈલ પણ જપ્ત કર્યા હતા. સેકટર-૨૧ પોલીસે મોબાઈલ યુવક ક્યાંથી લાવ્યો હતો તે દિશામાં તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૧ પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ડીસ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે પોલીસ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણાને બાતમી મળી હતી.

જેથી પોલીસે ઘ-૫ થી ચાલીને આવી રહેલા શખ્સને પકડી પાડ્યો હતો. પોલીસે તેનુ નામ પુછતા તેણે ૧૯ વર્ષિય કનૈયા બંસીભાઈ બાવરી (રહે.સે-૧૬ કાચા છાપરા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસને તેની પાસેથી રૂ.૩૫ હજારના ૪ મોબાઈલ મળી આવ્યા હતા. ફોન અંગે પુછતાછ કરતા યુવકે યોગ્ય જવાબ આપ્યો ન હતો. યુવકે ફોન પોતાના નાના ભાઈએ આપ્યા હોવાનું કહ્યું હતું. જેથી ફોન ચોરી તેમજ છળકપટથી મેળવ્યા હોવાના પગલે પોલીસે યુવકની અટકાયત કરી ફોન ક્યાંથી લાવ્યો તે દિશામાં તપાસ હાથ ધરી છે.

પરીણિતા પર ત્રાસ ગુજારનાર સાસરિયાઓ સામે ફરિયાદ

અમદાવાદ,તા.૪

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં એક પોલીસ સ્ટેશનમાં મહિલાએ તેના સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. તેણે આક્ષેપ કર્યો છે કે તેના સાસરિયાઓને ઓસ્ટ્રેલિયા જવું હતું અને તે માટે તેની પાસે પૈસા માંગતા હતા.

પરંતુ આ મહિલાએ પિયરમાંથી પૈસા ન લાવવાનું કહેતાં સાસરિયાઓ આવેશમાં આવી ગયા હતા અને તેને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં આ સાસરિયાઓએ પુત્રવધૂને નખ્ખોદિયાની દીકરી હોવાનું કહી ત્રાસ ગુજારતા આખરે કંટાળીને મહિલાએ તેના સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. નરોડામાં રહેતી ૨૬ વર્ષીય યુવતી એનિમેશનનો અભ્યાસ હાલ કરી રહી છે અને એક વર્ષથી તેની માતા અને માસી સાથે રહે છે. તેના પિતાનું વર્ષ ૨૦૦૪માં નિધન થયું હતું અને આ યુવતીના માતાએ બચતના રૂપિયા ભેગા કરી તેના વર્ષ ૨૦૧૮માં લગ્ન કરાવી આપ્યા હતા. લગ્ન બાદ આ યુવતી નિકોલ ખાતે તેના સાસરે રહેવા ગઈ હતી. બાદમાં સાસરિયાઓને ઓસ્ટ્રેલિયા જવાનું હોવાથી બેંક બેલેન્સ બતાવવા પુત્રવધૂને પિયરમાંથી ૫૦ લાખ લાવવા કહ્યું હતું.

હોટલો, ગેસ્ટ હાઉસ અને ધર્મશાળાઓમાં આવતા ગ્રાહકોની એન્ટ્રી પોલીસ દ્વારા તપાસાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાનામાં અનેક હોટલો, ગેસ્ટ હાઉસ અને ધર્મશાળાઓ આવેલી છે. તેનું સંચાલન કરતા અને માલિકોએ પોતાના ત્યાં આવતાં ગ્રાહકોની રજિસ્ટ્રર એન્ટ્રી પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલી PATHIK (Program for Analysis of Traveller & Hotel Informatiks) પર કરવાની રેહશે, તેવું ગાંધીનગર જિલ્લાના અધિક નિવાસી કલેકટરે જાહેરનામું બહાર પાડી જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજાએ જાહેરનામામાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાની હોટલોમાં રોકાયેલ યુવક યુવતીઓ અનુસંધાને અનિચ્છનીય બનાવ બનેલાનું ધ્યાને આવ્યું છે. આવા બનાવોની સમાજમાં ખૂબજ ખરાબ અસર પડતી હોય છે. જેથી જાહેર સલામતી સારૂ તેમજ જે લોકો હોટલમાં રૂમ ભાડે રાખે છે, તેઓના હીત ખાતે અને સમાજમાં સારો સંદેશ પહોંચે તે હેતુથી હોટલ રૂમ લેનાર વ્યકિતઓ ઉપર અંકુશ રાખવો જરૂરી લાગી રહ્યું છે. આજના આધુનિક જમાનામાં દરેક ક્ષેત્રે બદલાવ આવ્યો છે. તેમજ ટેકનોલોજીનો વ્યાપ પુષ્કળ પ્રમાણમાં વધી ગયો છે. તેમજ કોઈપણ શહેરમાં રોકાણ કરવાની વ્યવસ્થાઓનો વ્યાપ વધી ગયેલ હોવાથી ગુન્હેગારોનું કાર્યક્ષેત્ર સ્થાનિક ગામ-શહેર કે રાજ્ય પુરતુ મર્યાદિત રહેલ નથી. તેમજ અન્ય શહેર કે રાજ્યના ગુન્હેગાર આવા શહેરોની હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાઈ ગુન્હાને અંજામ આપી સહેલાઈથી નીકળી જતા હોય છે. જેથી હોટલો ઉપર રોજે રોજ મેન્યુઅલિ ચેક કરવી પોલીસ માટે પડકાર બની ગયો છે. જેથી હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પયુટર રાખવું પડશે. તેમજ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Programe for Analysis of Traveller & Hotel Informatiks) સોફટવેર ઈન્સ્ટોલ કરાવી PATHIK સોફટવેરમાં એન્ટ્રી કરાવવા માટે હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના સંચાલકોને પાલન કરવા માટે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

ઉવારસદ કર્ણાવતી ડેન્ટલ કૉલેજ કેમ્પસમાં ત્રણ દિવસ માટે સંઘની સમન્વય બેઠક

મોહન ભાગવત સાથે જેપી નડ્ડા પણ રહેશે હાજર : સંઘની ૩૯ ભગીની સંસ્થાના રાષ્ટ્રીય હોદ્દેદારો હાજર રહેશે

ગાંધીનગર,તા.૪

આગમી ૫ જાન્યુઆરીથી ગુજરાતમાં સંઘની સમન્વય બેઠક યોજાશે. જેમાં સંઘની ૩૯ જેટલી ભગિની સંસ્થાઓમાં રાષ્ટ્રીય હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. સામાન્ય રીતે આ સમન્વય બેઠક વર્ષે ૨ વાર યોજાતી હોય છે. જેમાં સામાજિક તેમજ સાંપ્રત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે. ગુજરાતમાં પ્રથમવાર આ પ્રકારનું ૩ દિવસીય બૃહદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ બેઠકમાં સંઘના વડા મોહન ભાગવત , ભૈયાજી જોશી ઉપસ્થિત સંપૂર્ણ દિવસ ઉપસ્થિત રહેશે. સાથે જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા પણ ઉપસ્થિત રહેશે. બેઠકમાં શિક્ષણ નીતિ, મહિલા વિકાસ, ખેડૂતોના મુદ્દા, વર્તમાન રાજકીય પરિસ્થિતિ, રામ મંદિર, વનવાસી વિસ્તારની સમસ્યાઓ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા થવાની

શકયતા છે. તેમજ બેઠકમાં તમામ સંગઠનો પોતાના દ્વારા કરાયેલી કામગીરી અંગે સમીક્ષા કરશે સાથે જ આગામી સમયમાં થનારા કામ અંગે પણ ચર્ચા કરાશે. આ સમન્વય બેઠકના બે દિવસ પહેલા જ સંઘના વડા મોહન ભાગવતે અમદાવાદ આવી પોહચ્યા છે. તેમના આગમનની સાથે જ અમદાવાદ સ્થિત હેગડેવાલ ભવન ખાતે સંઘની ભગિની સંસ્થાઓના અખિલ ભારતીય હોદેદારો સાથે મોહન ભાગવતે વન ટુ વન બેઠકોનો દોર ચાલુ કર્યો છે. તો આજે ભાજપ રાષ્ટીય અધ્યક્ષ જે.પી. નડ્ડા તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષજી પણ એક દિવસ પહેલા જ અમદાવાદ પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે તેમના ભવ્ય સ્વાગતની તૈયારી પ્રદેશ ભાજપ દ્વારા કરવામાં આવી છે. ૪ જાન્યુઆરીએ બપોર બાદ અમદાવાદ એરપોર્ટ ખાતે ભાજપા દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવશે.ત્યારબાદ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા,ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષજીની વિશેષ ઉપસ્થિતિમાં તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ સી.આર.પાટીલ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની ઉપસ્થિતિમાં ભાજપાની પ્રદેશ બેઠક યોજાશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
(ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત)
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૧
ફોન: ૦૭૯-૨૩૨૪૪૫૬૯, ૪૪૫૭૬, વેબસાઈટ - www.cugujarat.ac.in
જાહેરાત : ૦૧/૨૦૨૧
કરાર આધારિત ભરતી માટે વોક-ઈન-ઈન્ટરવ્યુ
નીચે જણાવેલ જગ્યા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત કાઉન્સેલર (બાળમિત્ર અને તપોવન)ની માસિક ફિક્સ પગાર રૂ. ૧૮,૦૦૦/-થી ભરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ વોક-ઈન-ઈન્ટરવ્યુ માટે નીચે જણાવેલ તારીખ અને સમયે યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહેવું.

ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા	ઈન્ટરવ્યુ તારીખ	ઈન્ટરવ્યુનો સમય
૧	કાઉન્સેલર - બાળમિત્ર	૦૧	૧૬/૧/૨૦૨૧	૯:૩૦ કલાકે
૨.	કાઉન્સેલર - તપોવન	૦૧	૧૬/૧/૨૦૨૧	૨:૦૦ કલાકે

નોંધ : ઉપરોક્ત જગ્યા માટે અરજીપત્ર, શૈક્ષણિક લાયકાત અને અન્ય વિગતો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ http://www.cugujarat.ac.in/latest-news-archives પરથી મેળવી શકાશે.
તારીખ : ૪/૧/૨૦૨૧
ડો. અશોક એન. પ્રજાપતિ
રજિસ્ટ્રાર (I/C)
માહિતી/૧૬૬૩/૨૦-૨૧
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

ટેન્ડર જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ટેન્ડર ડોક્યુમેન્ટ નં.
ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

કામનું નામ	Construction of two soak pits at Kolavda
અંદાજીત રકમ	રૂ. ૧,૯૬,૦૭૪.૮૫/-
ટેન્ડર ફી	રૂ. ૬૦૦/-
ઈ.એમ.ડી.	રૂ. ૧,૯૬૧/-
ટેન્ડર ઈશ્યુ કરવાનો સમય અને તારીખ	કચેરી સમયે તા. ૬/૧/૨૦૨૧ થી તા. ૧૩/૧/૨૦૨૧ ૧૬.૦૦ કલાક સુધી
ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ	કચેરી સમયે તા. ૨૦/૧/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી (માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી જ સ્વીકારવામાં આવશે)
ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ	તા. ૨૧/૧/૨૦૨૧, ૧૨.૦૦ કલાકે
બીડ વેલીડીટી	૯૦ દિવસ

અન્ય વિગતો ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે. ટેન્ડર ડોક્યુમેન્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન ટેન્ડર ફી ભર્યેથી ઉપલબ્ધ કરવામાં આવશે.
સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર
માહિતી/૧૬૬૨/૨૦-૨૧